# વૈદિક-યજ્ઞોનું સ્વરૂપ

ડૉ. જય ઓઝા
મદદનીશ શિક્ષક, દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર

વૈદિક સાહિત્યમાં સમગ્ર સાંસ્કૃતિક પ્રવૃત્તિ તથા સામાજીક જીવનનું કેન્દ્રબિંદુ તરીકે યજ્ઞ જણાઈ આવે છે. આ યજ્ઞના સ્વરૂપને, સંસ્થાને સમજ્યા વગર વૈદિક ધર્મ, દર્શન, સાહિત્ય અને સંસ્કૃતિના સ્વરૂપને યોગ્ય રીતે જાણી ન શકાય. **"यज्ञो वै श्रेष्ठमं कर्म"** એમ કહીને બ્રાહ્મણગ્રંથમાં જીવનજીવનનું શ્રેષ્ઠતમ કર્મ યજ્ઞને વર્ણવ્યું છે. સમગ્ર માનવશરીરના અંગોને યજ્ઞાંગ તરીકે વર્ણવવામાં આવ્યાં છે. તો બ્રાહ્મણગ્રંથમાં બધી જ માનવક્રિયાને યજ્ઞાંગ તરીકે વર્ણી છે. ટૂંકમાં કહી શકાય કે દેવતાઓને પ્રસન્ન કરી પોતાની કામનાઓને પૂર્ણ કરવા માટે પ્રિય ખાદ્ય તથા પેય પદાર્થોને વિધિપૂર્વક અગ્નિમાં સમર્પણ કરવું તે યજ્ઞ છે. ઋક્સંહિતામાં સોમ, હવિ, ચાતુર્માસ્ય સાયંપ્રાત હોમ તથા પશુયાગના સરલ અનુષ્ઠાન સંકેતરૂપમાં પ્રાપ્ત છે. જ્યારે યજુસ અને સામનું સંકલન જ નિશ્તરૂપથી યાજ્ઞિક અપેક્ષાએ જ થયું છે. સંહિતા સિવાય બ્રાહ્મણગ્રંથમાં યજ્ઞનું વિશદ નિરૂપણ થયું છે. જેમાં યજ્ઞના દ્રવ્ય, દેવતા, હોમ, વિધિનું સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવેચન છે.

પ્રમુખરૂપથી યજ્ઞના બે પ્રકાર છે. હવિર્યાગ અને સોમયાગ. હવિર્યાગમાં દૂધ, ઘી, ચરુ તથા પુરાડોશન આહુતિ પ્રદાન કરવામાં આવે છે. જ્યારે સોમયાગમાં સોમલતા અથવા એના વિકલ્પથી હોમ કરવાનો આદેશ છે. હોમયાગના સાત પ્રકાર–અગ્ન્યાધાન, અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ, આગ્રયણ, નિરુઢ પશુબંધ અને સૌત્રામણી. સોમયાગના સાત પ્રકાર–અગ્નિષ્ટોમ, ઉકથ્ય, ષોડશી, વાજપેય, અતિરાત્ર અને અપ્તોર્યામાં જેમાં હવિયાગમાં દર્શપૂર્ણમાસ સોમયાગમાં અગ્નિષ્ટોમ આ બંને યજ્ઞ સમગ્ર યજ્ઞની પ્રકૃતિ માનવમાં આવે છે.

### ૧. અગ્નિહોત્ર

સવાર-સાંજના સમયે અગ્નિને ઉદ્દેશીને કરવામાં આવતું આ વિશેષ કર્મ છે. પ્રાતઃ સમયે સૂર્ય અને સાયંકાલે અગ્નિ તેનો મુખ્ય દેવતા છે. જ્યારે બંને સમયે ગૌણદેવ તરીકે પ્રજાપતિ આને ન કરવાથી પાપ લાગે છે. છાંદોગ્ય ઉપનિષદ્ - यथेह क्षुधिता बालः मातरं पर्युपासत एवं सर्वाणि भूतान्यग्निहोत्रम् । (૫.૨૪) જેમ ક્ષુધાતુર બાળક હંમેશા માતાની સમીપ જાય છે એવી જ રીતે પ્રાણી અગ્નિહોત્રની ઉપાસના કરે છે. આમાં મુખ્ય દ્રવ્ય દુધ છે. જ્યારે યવ, તંડુલ ગૌણ દ્રવ્ય છે.

### ૨. દર્શપૂર્ણમાસ

નામથી જ ખ્યાલ આવે છે કે અમાસ અને પૂનમના સમયે કરવામાં આવતું અનુષ્ઠાન છે. પૂનમના સમયે અગ્નિ માટે ૮ વિશેષ પાત્રોમાં પુરાડોશ, ઘી રાખવામાં આવે છે. ત્યારબાદ ૧૧ પાત્રમાં પુરાડોશ, દહી, દૂધ રાખવામાં આવે છે. અહીં ત્રણ યાગ થાય છે. જેમાં પ્રથમના દેવતા અગ્નિ ત્યારબાદ બે યાગના મુખ્ય દેવતા ઈન્દ્ર છે. પ્રથમમાં પુરાડોશ દ્રવ્ય છે. ત્યારબાદ બેમાં દહીં તથા દૂધ. આમ અમાસ-પૂનમ દરમ્યાન કુલ ૬ યજ્ઞ સંપન્ન થાય છે. આ અનુષ્ઠાન કરનારને સોમયાગના અનુષ્ઠાતા માનવામાં આવે છે. આમાં યજમાન સપત્નીક હોમ કરે છે. આમાં અધ્વર્યુ, બ્રહ્મા, હોતા અને અગ્નીત્ સામેલ થાય છે. આમાં ઉદ્ગાતની જરૂર નથી. આધ્યાત્મિક દૃષ્ટિએ દર્શ (અમાસ)થી પૂનમ સુધી, પૂનમથી અમાસ સુધી ચંદ્રકલામાં વૃદ્ધિ તથા ક્ષીણતાનું જ્ઞાન કરવામાં આ યાગની યોજના જેવા મળે છે.

### ૩. ચાતુર્માસ્યયાગ

આ યાગના નામ પરથી જ ખ્યાલ આવે છે કે આ ચારમાસ પર અનુષ્ઠાન થાય છે. આમાં ચાર પર્વ આવે છે. (૧) વૈશ્વદેવ જે ફાગણ પૂનમ પર આવે છે. (૨) વરુણપ્રઘાસ જે અષાઢી પૂનમ પર આવે છે. (૩) સાકમેઘ જે કાર્તિકી પૂનમ પર આવે છે. (૪) શુનાસીરીય જે ફાગણ સુદ એકમ પર થાય છે. આમાં પ્રથમ પર્વના દેવતા ક્રમશઃ અગ્નિ, સોમ,

સવિતા, સરસ્વતી, પૂજન, મરુદ્ગણ, વિશ્વદેવ,દ્યાવાપૃથિવી હોય છે. તદ્અનુસંધાન દ્રવ્ય પુરાડોશ, ચરુ, પયસ્ હોય છે. બીજા પર્વના દેવતા વિશ્વેદેવ ઈન્દ્ર, અગ્નિ, વરુણ પ્રમુખ રૂપે હોય છે. ત્રીજાપર્વના દેવતા સાન્તપન (મરુત) છે દ્રવ્ય છે ચરુ જેને દુધમાં રાંધવામાં આવે છે ચોથા પર્વમાં વિશ્વેદેવ ઉપરાંત શુનાસીર મુખ્ય દેવતા છે. જેમાં શુનાસીર માટે પુરાડોશ અને વાયુ માટે પયસ્ સમર્પિત કરવામાં આવે છે.

**૪. નિરુઢ પશુબંધ**

આ યજ્ઞ વર્ષાઋતુમાં યોજાય છે. યજ્ઞના પશુના રૂપમાં અજ દ્રવ્ય તરીકે છે જ્યારે દેવતા ઈન્દ્ર, અગ્નિ, સૂર્ય (અથવા પ્રજાપતિ) છે. પશુને યૂપ (જે બિલ્વ, ખદિરના કાષ્ઠમાંથી બનાવેલ હોય) સાથે બાંધવામાં આવે છે. પશુવધ શસ્ત્ર વગર, સંજ્ઞપન (શ્વાસ રોકીને) કરવામાં આવે છે. આ કાર્યને શમિતા સંપન્ન કરે છે.

**૫. આગ્રયણ ઈષ્ટ**

ચોમાસામાં જ્યારે નવું અનાજ ઉત્પન્ન થાય ત્યારે આ યજ્ઞનું અનુષ્ઠાન કરવામાં આવે છે. અર્થાત્ શરદ અને વસંત બે ઋતુમાં આ યજ્ઞ જોવા મળે છે. આના દેવતા છે ઈન્દ્ર, અગ્નિ, દ્યાવાપૃથિવી, વિશ્વેદેવ. આ યજ્ઞનું દ્રવ્ય . પુરાડોશ અને ચરુ. આમાં નવા અનાજ અને યવનો પ્રયોગ થાય છે. દક્ષિણાના રૂપમાં રથ, ક્ષૌમ (રેશમ) મધુપર્ક દેવામાં આવે છે.

**૬. સૌત્રામણી**

સુત્રામા ઈન્દ્રનું નામ છે. એના નિમિત્તે જ આ યજ્ઞનું અનુષ્ઠાન કરવામાં આવે છે. અશ્વિનો, સરસ્વતી દેવતા છે. આ યજ્ઞ નિત્ય, કામ્ય અને નૈમિત્તિક રૂપમાં થાય છે. આમાં અજ, મેઘ અને વૃષભ ત્રણ પશુ છે. આ યજ્ઞ ચાર દિવસમાં કરવામાં આવે છે.

**૭. સોમયાગ**

સોમયજ્ઞના અધિકારી વ્યક્તિ સપ્તનીક સોમલત્તાનું વિભિન્ન દેવોને રસનું સમર્પણ કરે છે. જેમાં બધાં જ વર્ગના ઋત્વિક અને અધ્વર્યુ ભાગ લે છે. આ યજ્ઞના ત્રણ પ્રકાર એકાહ, અહીન અને સત્રયાગ આ પ્રકારો યજ્ઞના અનુષ્ઠાનના સમયને અનુસાર નામ રાખવામાં આવે છે. એકાદ એક જ દિવસમાં સંપન્ન થતો યજ્ઞ છે. અહીન ૧૨ દિવસ સુધી ચાલે છે આમાં ત્રણેય વર્ણનો અધિકાર છે. આમાં એકથી વધુ યજમાન હોય શકે છે. અંતે અતિરાત્ર (જાગરણ)નું અનુષ્ઠાન થાય છે સત્રયાગમાં ૧૩ દિવસથી વધુ દિવસ યજમાન સોમરસનું સમર્પણ કરે છે. આમાં બધાં જ યજમાન હોય છે. સત્રના બે ભેદ રાત્રિસત્ર અને અયન સત્ર ૧૦૦ દિવસ કરતા ઓછા દિવસોમાં યજ્ઞ સંપન્ન થાય તો રાત્રિસત્ર- એનાથી વધારે દિવસોમાં સંપન્ન થાય તો તે સોમયાગ 'અયનસત્ર' કહેવાય છે.

**૮. વાજપેયયાગ**

वाजपेययाजी प्रजापतित्वमाप्नोति (તાડયલ- ૧૮-૬-૪) આ યજ્ઞના અનુષ્ઠાનથી યજમાન પ્રજાપતિ સમકક્ષ બને છે. સ્વર્ગ, સમુદ્ધિ, સ્વરાજ્યની કામના માટે આ યજ્ઞ યોજાય છે. 'વાજ'નો અર્થ છે "पेयद्रव्यात्मकअन्न." वाजोडन्नं पेदद्रव्यात्मकं यस्मिन् स वाजपेयः (તાંડય બ્રા. ૧૮.૭.૧) પરનું સાણમાત્ય આ યજ્ઞમાં શસ્ત્રો અને સ્તોત્રોના પાઠ તથા ગાન ભિન્ન હોમ-વિધિ રથધાવનનું વિશિષ્ટ સ્થાન છે. આમાં સ્વર્ગારોહણ વિધિને પ્રતીકાત્મક રીતે દર્શાવવામાં આવે છે આ યજ્ઞના અનુષ્ઠાતા ધન દઈ શકે છે, પરંતુ લઈ શકતા નથી સ્વયં કોઈના અભિવાદન માટે ઊભો રહી શકતો નથી.

**૯. રાજસૂયયાગ**

રાજસૂયયાગ એક મહાનયાગ છે. જેમાં નાના-નાના યજ્ઞોનો મહાસંઘ છે. જેમાં ૪૩૯ ઈષ્ટિયાગ, ૨ પશુયાગ, ૮ સોમયાગ અને ૭ દર્વિયાગનો સમાવેશ થાય છે. આનું અનુષ્ઠાન સ્વર્ગ અથવા સ્વરાજ્યની કામના માટે રાજા જ કરી શકે છે. સાયણના મત મુજબ 'સૂય' શબ્દ અભિષેકનો દ્યોતક છે. આમાં યજમાનનો અભિષેક થાય છે. આ યજ્ઞનો આરંભ ફાગણ શુક્લ પ્રતિપ્રદાએ થાય છે. રાજસૂયમાં 'અભિષેચનીય' યાગ મહત્ત્વપૂર્ણ છે. જેમાં ૧૭ પ્રકારના જલથી રાજાનો અભિષેક કરવામાં આવે છે. જેમાં સરસ્વતી જલ વહેતી નદીનું જલ, હલચલનું જલ, પ્રતિકૂલ પ્રવાહનું જલ, સમુદ્રી જલ, સમુદ્ર તરંગોનું જલ, સમુદ્ર ભંવર જલ, આકાશીય જલ, તળાવ જલ, સરોવર જલ, કૂવાનું જલ, તુષાર-જલનો સમાવેશ થાય છે. દ્યૂતક્રીડાનો અહીં નિષેધ છે. ગાયોની લૂટ એક પ્રતિકાત્મક રીતે દર્શાવવામાં આવે છે. આની દક્ષિણામાં જુદા-જુદા સુર્વણ આભૂષણ, અશ્વ, વસ્ત્ર, સાડી, ગાય, બળદગાડુ અપાય છે.

**૧૦. પુરુષમેધયાગ**

પુરુષમેધ ૪૦ દિવસમાં સંપન્ન થતો યાગ છે. જેમાં ૨૩ દીક્ષા, ૧૨ ઉપસદ, ૫ સુત્યદિવસ હોય છે. બ્રાહ્મણ યજમાન આ યજ્ઞમાં પોતાનું સર્વસ્વ દાન કરે છે. આમાં જુદા-જુદા વ્યવસાય કરતાં ૧૮૪ પુરુષોને બાંધી દેવામાં આવે છે. પછી તેમને મુક્ત કરી દેવામાં આવે છે. વધ-મારણ કોઈનું કરવામાં આવતું નથી આ યજ્ઞનો યાજક ફરી ગામમાં ક્યારેય પ્રવેશી શકતો નથી. તે વાનપ્રસ્થ ગ્રહણ કરી ગ્રામત્યાગ કરે છે. તપસ્ય પૂતઃ બની ગ્રામ આગમન કરી યાજક અગ્નિની સ્થાપના કરી આજીવન અગ્નિહોત્ર બની રહે છે.

**૧૧. પિતૃમેધ**

આ યજ્ઞમાં એક જ અધ્વર્ય ઋત્વિક તરીકે હોય છે. મૃત પિતાદિની અસ્થિને વનમાં લઈ જઈને પુરુષ આકાર બનાવાનો હોય છે. જેને શૈવાલ અને કુશથી ઢાંકી દેવામાં આવે છે. ગામમાં પાછા ફરીને સ્નાનાદિથી શુદ્ધ થઈને ગૃહપ્રવેશ કરવામાં આવે છે.

**૧૨. અશ્વમેધ**

આ ખરેખર સોમયાગ છે. સાર્વભોમ રાજાને જ એના અનુષ્ઠાનનો અધિકાર છે. સામાન્ય રીતે ફાગણસુદ આઠમ-નોમથી તેનો આરંભ થાય છે. સોનાના ઘરેણાથી યુક્ત યજમાન પત્ની પોતાની સેવિકાઓ સાથે રાજાની આગળ આવે છે. અશ્વને સ્નાન કરાવીને ભ્રમણ માટે ઈશાનખૂણામાં મુક્ત કરવામાં આવે છે. એની રક્ષા માટે પાછળ શસ્ત્રવાળા ૪૦૦ ક્ષત્રિણ યોદ્ધા રહે છે. એક વર્ષ સુધી અશ્વ ઈચ્છા મુજબ ફરે છે. ત્યારબાદ પશુયાગમાં પાછો ફરેલો અશ્વને આહુતિરૂપે હોમવામાં આવે છે. અશ્વના વિભિન્ન અંગોનો હોમ થાય છે. આ સમગ્ર ક્રિયા પ્રતિકાત્મક છે. જોના પર ગંભીરતાથી વિચાર થવો જોઈએ.

**૧૩. વ્રાત્યયાગ**

તાંડય બ્રાહ્મણમાં ચાર વ્રાત્યથાગનું વિધાન છે. વ્રાત્યથી અભિપ્રેત છે આચારહીન વ્યક્તિ. પોતાના કુલકમથી આવેલ આચાર-વ્યવહારથી પતિત વ્યક્તિઓના દ્વારા જે ખેતી નથી કરતો, જે વ્યાપાર નથી કરતો, તે પોતાની વ્રાત્યતાથી છૂટવા માટે આ યજ્ઞ કરે છે. આની દક્ષિણામાં વિચિત્ર વસ્તુઓનો સમાવેશ થાય છે. જેમ કે ઉષ્ણીયપ્રતોદ (બળદ હાંકવાનો દંડ), જયાહોડ (ધર્નુદંડ), લાકડાના ફલકથી આચ્છાદિત રથ, કાળી કિનારની ધોતી, કાળુ-સફેદ બકરીનું ચામડુ, ચાંદના ઘરેણા આ વ્રાત્યધન કહેવાય છે. જેને ગૃહપતિ એવા લોકોને આપે છે જે હજી સુધી વ્રાત્યતાથી મુક્ત થયા ન હોય.

ઉપર વર્ણવેલા યજ્ઞો ઉપરાંત અનેક યજ્ઞોનું વિધાન બ્રાહ્મણગ્રંથમાં આપવામાં આવ્યું છે. આ સાથેસાથ પ્રાયશ્ચિત પરક યજ્ઞોનું પણ વિધાન પ્રાપ્ત થાય છે. જેમાં જુદા-જુદા અપરાધ-પાપમાંથી મુક્ત થવા માટે કરવામાં આવતા કૃત્ય વિશેષ છે. આગળ જતા યજ્ઞના દ્રવ્યમય રૂપના સ્થાન પર તેની પ્રતિકાત્મકતા અને આંતરિકતા મુખ્ય બની ગઈ સ્વાધ્યાય અને જ્ઞાનયજ્ઞ આનું જ પ્રતિકૂલ છે. અન્તોગત્વા સ્થિતિએ આવી કે શુભ અને મંગલકાર્ય માટે જેનું અનુષ્ઠાન-સંપાદનનું પ્રયોજન સર્વજનકલ્યાણ રહ્યું છે. છાંદોગ્ય ઉપનિષદના મતઅનુસાર एष ह वै यज्ञो योऽयं पवते एष ह यन्निदं सर्वं पुनाति। (૪.૧૬.૧) જીવનની ગતિશીલતા જ યજ્ઞ છે જે ગતિ કરનાર સર્વને પવિત્ર બનાવે છે.

**સંદર્ભસૂચી**


१. आप्टे, हरिनारायण, तैत्तिरीयब्राह्मणम् प्रथम संस्करण आनन्दाश्रम मुद्रणालय १८९८

२. उपाध्याय, बलदेव, वैदिक साहित्य और संस्कृति, तृतीय संस्करण, काशी, शारदामंदिर १९६७

३. त्रिवेद, क्षेमकरणदास, गोथब्राह्मण तृतीयसंस्करण, हिस्ट्री – चोखम्बा संस्कृत प्रतिष्ठान १९९३

४. द्विवेदी, कपिलदेव, वैदिक साहित्य एवं संस्कृति, पंचम संस्करण, वाराणसी, विश्वविद्यालय प्रकाशन, 2010

५. पटेल, गौतम (संपा.), छांदोग्यनिषद्, भाष्य, प्रथम संस्करण, अमदावाद, संस्कृत सेवा समिती, २००९

६. भट्ट, भास्करमिश्र, तैतरीयब्राह्मणम्, प्रथम संस्करण, आनन्दाश्रम मुद्रणालय, १८९८